# નવા-જુના સેકટરોમાં સેંકડો લેન્ડલાઈન ફોન બંધ હાલતમાં

## બીએસએનએલની લાચારી : પેવર પ્લોકના લીધે ખોદકામ કરી કેબલો રીપેર કરવા માટે નનૈયો : ગ્રાહકો પણ ત્રાહીમામ

ગાંધીનગર તા ૩૦

શહેરના નવા અને જુના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી ટેલીફોન બંધ રહેતા હોવાની ફરિયાદો દિનપ્રતિદિન વધી રહી છે. નવા સેકટરોમાં પણ ગ્રાહકોને ભાડુ ચુકવીને પણ પુરતી સેવા મળતી નથી. સ્ટોર્મ વોટર લાઇનના ખોદકામના લીધે પણ કેબલ ફોલ્ટ વધ્યા છે. જયારે પેવર બ્લોકના લીધે કેબલ રીપેરીંગની કામગીરી પણ યોગ્ય રીતે થતી નથી. આવા સંજોગોમાં ફોન સેવા ખાડે ગઈ છે. ગ્રાહકો ત્રાહીમાંમ છે.

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી ટેલીફોન બંધ હાલતમાં છે. સેકટરોમાં ટેલીફોન સેવાના નામે મીંડુ ચિતરાયેલુ છે. નવા સેકટરોમાં ખોદકામના લીધે ટેલીફોન મુંગા થઈ ગયા છે. જયારે રહેણાંક વિસ્તારમાં પેવર બ્લોકનુ કામ હાથ ધરાયા બાદ ટેલીફોનના કેબલોના ફોલ્ટનુ રીપેર કરવાનુ મુશ્કેલ બન્યુ છે. જેના લીધે સે-૨,૩ અને સે-૪ માં લેન્ડ લાઇન સેવા ખાડે ગઈ છે. ઘણાં ઘરોમાં ફોનની રીંગ રણકતી નથી. આ મામલે સ્થાનિકોએ અનેવાર રજુઆત કરી હોવા છતા ફરિયાદોનુ નિરાકરણ આવતુ નથી. સે-૩ સી માં પણ આ સ્થિતિ વચ્ચે ઘણાં ઠેકાણે બી એસ એન એલના લેન્ડ લાઇન ફોન બંધ છે. જયારે કેટલાક ઠેકાણે ડાયલ ટોન હોવાછતા ફોનની રીંગ પણ વાગતી નથી. અલબત્ત ટેલીફોન સેવાને યોગ્ય કરવા માટે સમારકામ કરવા ખોદકામ અનિવાર્ય છે. આવા સંજોગોમાં બી એસ એન એલને સેંકડો રજુઆત કરવામાં આવી છે. આમછતા હજુ સુધી ટેલીફોન કેબલોના રીપેરીંગનુ કામ હાથ ધરવામાં આવતુ નથી. સેકટરોના રહેણાંક વિસ્તારમાં ઘણાં ખરા ફોન બંધ હલાતમાં છે. બી એસ એન એલના ગ્રાહકોને લાંબા સમયથી પારવારા હાલાકી વેઠવી પડે છે. આમછતા દુર સંચાર નિગમના અધિકારીઓ દ્વારા ગ્રાહકોને ખલેલ રહીત સેવા પુરી પાડવા માટે કોઈ કાર્યવાહી થતી નથી. સ્ટોર્મ વોટર લાઇનના ખોદકામના લીધે પણ સેકટરોમાં યુટીલીટીઝ લાઇન ડિસ્ટર્બ થાય છે. જયારે ખોદકામના અંતે સર્જાયેલા કેબલ ફોલ્ટનુ પણ લાંબા સમય સુધી નિરાકરણ ન આવતા સેકટરવાસીઓ તગડા બિલ ચુકવીને પણ સેવાથી વંચિત રહેતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. હાલ ખાનગી કંપનીઓ ગ્રાહકોને ઉત્તમ સેવા આપવા માટે રોજબરોજ લાભદાયી અને લોભામણી ઓફરો આપી રહી છે. ત્યારે સ્પર્ધાત્મક અભિગમ દાખવી ગ્રાહકોને ઉત્તમ સેવા આપવાના બદલે બી એસ એન એલના ગ્રાહકોની ફરિયાદોનુ નિરાકરણ લાવવામાં પણ ઉદાસીનતા દાખવતા સ્થાનિકોમા 'આક્રોશ પ્રબળ બન્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પુનઃ ઠંડીનો આકરો મિજાજ

## લઘુત્તમ તાપમાન ૧૦.૨ ડીગ્રી : ઠંડીનુ મોજુ ફરી વળતા જનજીવનમાં સુનકાર : સેકટરોની શેરીઓ સહીત સાંજ ઢળતા સેકટરોના શોપિંગમાં પણ સુનકાર : ઠંડીના પારાની સતત ચઢઉતર



ગાંધીનગર તા ૩૦

હરિયાળુ ગાંધીનગર ઠંડીની ગિરફતમાં આવી ગયુ છે. શહેરમાં અત્યાર સુધી સિઝનની મહત્તમ ઠંડી ૧૦ ડીગ્રી નોંધાઇ છે. જયારે ઠંડીની સાથે પવનનુ જોર પણ બે દિવસ વધુ રહેતા કોલ્ડવેવ વધુ આકરા બન્યા છે. ગઈકાલની સાપેક્ષમાં આજે ઠંડીનો પારો વધુ ૧.૨ ડીગ્રી ગગડતા સવારથી જ નગરજનોએ અસહ્ય ઠંડીનો અહેસાસ કર્યો હતો.

શહેરમાં ઠંડીના પારાની સતત ચઢ ઉતર વચ્ચે સુસવાટા મારતા પવન સાથે કોલ્ડવેવ યથાવત છે. ગઈકાલે ઠંડીનો પારો ૨ ડીગ્રી ઉંચો આવતા નગરજનોએ ઠંડીમાં પ્રમાણમાં રાહત અનુભવી હતી. લઘુત્તમ તાપમાન ગગડવાની સાથે પવનનુ જોર પણ વધુ રહેતા નગરજનો કાતિલ ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. જયારે વહેલી સવારે અને મોડી રાત્રે ઘરની બહાર નિકળવાનુ પણ મુશ્કેલ બને છે. આવા સંજોગોમાં ઠંડીથી બચવા માટે પણ નગરજનો અનેક નુસખા અજમાવી રહ્યા છે. સેકટરોના શ્રમિક વસાહતમાં રાત્રિના તેમજ વહેલી સવારે તાપણા જોવા મળી રહ્યા છે. આજે પણ ઠંડીનો મિજાજ ફરી એકવાર બદલાયો હતો. લઘુત્તમ તાપમાન ૧.૨ ડીગ્રી ગગડતા ઠંડીનુ જોર વધ્યુ હતુ. જેના લીધે સવારે પણ ઠંડા પવન સાથે કોલ્ડવેવમાં નગર થીજયુ હતુ. શહેરના માર્ગો પર મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા પણ કાતિલ ઠંડીના લીધે ઘટી છે. પવનના લીધે વોકીંગ કરવાનુ પણ ટાળી રહ્યા છે. ઠંડીમાં બિમાર વ્યકિતઓ અને વૃધ્ધોની હાલત કફોડી બની છે. દિવસ દરમિયાન પણ ઠંડીનુ જોર રહેતા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહ્યા છે. ઘરોમાં પણ હીટર ઓન થઈ ગયા છે. ઠંડીની અસર નગરના જનજીવન પર વર્તાઇ રહી છે. સાંજ ઢળતા જ નગરના શોપિંગ બજારોમાં પણ સન્નાટો છવાઈ જાય છે. હાલ ક્રીસમસ પર્વ તેમજ ન્યુ યરના સેલિબ્રેશનની ઉજવણીને અનુલક્ષી યુવાવર્ગ ઉત્સુક છે. ત્યારે ક્રીસમસ પર્વને અનુલક્ષીને રાત્રિના કેટલાક ઠેકાણે ભીડ જોવા મળે છે. યુવાવર્ગ ગરમ કપડામાં લોટપોટ થઈને રાત્રિના સમયે લટાર મારતા નજરે પડે છે.

જયારે પરિવારજનો રાત્રિના કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા નથી. સેકટરોની શેરીઓમાં પણ રાત્રિના ૯ વાગ્યાથી સન્નાટો છવાઈ જાય છે. ઠંડીનો મિજાજ રોજબરોજ બદલાતો રહે છે. આજે ફરી લઘુત્તમ તાપમાન ગગડતા આકરી ઠંડીનો ચમકારો વર્તાયો હતો. શહેરમાં સિઝનની મહત્તમ ઠંડી ૧૦ ડીગ્રી નોંધાઈ છે. જયારે આજે પણ ન્યુન્નતમ તાપમાન ૧૦.૨ ડીગ્રી રહ્યુ હતુ.



ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર સોમવારે અકસ્માત સર્જાયો હતો. કાર નં -જી જે ૦૧ એચ સી ૫૫૯૬ ના ચાલક ડ્રાઈવીંગ ટેસ્ટ આપી રહ્યા હતા આ દરમિયાન અચાનક રેસ આપવાના લીધે કાર ઉંધી થઈ ગઈ હતી.સદનસીબે આ ઘટનામાં કોઈને ઈજા થઈ ન હતી. પરંતુ કારને નુકશાન થયુ હતુ. ઘટનાના પગલે આર ટી ઓ અધિકારી સહીતનો સ્ટાફ ટ્રેક પાસે દોડી આવ્યો હતો.

# રાજયભરની સ્વનિર્ભર શાળાઓમાં પહેલીથી શિક્ષકોની હાજરી ઓનલાઈન

ગાંધીનગર, તા. ૩૦

આગામી ૧લી જાન્યુઆરીથી રાજયભરની સ્વનિર્ભર શાળાઓના શૈક્ષણિક સ્ટાફની હાજરી પણ ઓનલાઈન કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય રાજય સરકારે કર્યો છે.

રાજયમાં શિક્ષણને ગુણવત્તાસભર બનાવવાની દિશામાં અનેકવિધ પગલાં લીધા છે. સરકારે બાળકોની હાજરી ઓનલાઈન કરવાના લીધેલા પગલા પછી સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાના શિક્ષકોની હાજરી પણ ઓનલાઈન કરાઈ હતી. આ પછી સ્વનિર્ભર શાળાઓના શૈક્ષણિક સ્ટાફની હાજરી પણ ઓનલાઈન કરવાની વિચારણા સરકારમાં ચાલતી હતી. આ મુદ્દે સ્વનિર્ભર શાળાઓના સંચાલક મંડળના પ્રતિનિધિઓ સાથે વિભાગે બેઠક પણ કરી હતી.

હવે સરકારે સ્વનિર્ભર શાળાઓના શૈક્ષણિક સ્ટાફની હાજરી પણ ૧લી જાન્યુઆરીથી ઓનલાઈન કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આજે વિડીયો કોન્ફરન્સ કરી અને તંત્રના અધિકારીઓને પણ સૂચના આપી દીધી છે. આ માટે પત્રો પણ જિલ્લા કચેરીઓને પાઠવી દેવામાં આવ્યા હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

રાજયભરમાં આ નિર્ણય ૧લી જાન્યુ.૨૦૨૦થી અમલી બનશે. આ માટેની સંપૂર્ણ તૈયારીઓ વિભાગ દ્વારા પણ પુરી

● અનુસંધાન પાન-૭ પર

# વોર્ડ નં. ૭ને થતા અન્યાય સામે આંદોલન કરવુ પડશે : હિરલ જોશી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં સેકટરોને ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવાના મુદ્દે વિપક્ષી સભ્યોની રજુઆતને ધ્યાને લેવામાં નહિ આવતી હોવાની વાત રજુ કરી આજે કોંગી કાઉન્સીલર હિરલ જોશીએ આ મુદ્દે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવી લેખિત રજુઆત કરી છે. સ્માર્ટ સીટીના ચેરમેનને ઉદ્દેશીને લખેલા આ પત્રમાં શ્રીમતિ હિરલ જોશીએ જણાવ્યુ છે કે આ મુદ્દે અમે છ મહિનાથી સતત રજુઆત કરતા રહ્યા છીએ પણ કામનું મુહૂર્ત સે. ૨૭ ખાતે કરવા પાછળનું કારણ સમજી શકાતુ નથી.

વોર્ડ નં. ૧ માં સત્તાધારી પક્ષની પેનલ વિજયી બનેલી છે અને તેમના વોર્ડમાં વિપક્ષ કોંગ્રેસની પેનલ વિજયી થયેલ છે. વોર્ડ નં. ૭ માટે તંત્ર સતત ઓરમાયુ વર્તન દાખવે છે તેને લઈ આવી રજુઆત કરવી પડે છે. કાઉન્સીલર વોર્ડનો નહિ પણ શહેરનો હોય છે.

● અનુસંધાન પાન-૭ પર

# થર્ટી ફર્સ્ટને દાગ ના લાગે તે માટે પોલીસતંત્ર એલર્ટ..!!

## શહેરના અગત્યના સ્થળોએ નાકાબંધી સાથે તમામ માર્ગો પર બ્રેધ એનાલાઈઝરથી ચેકિંગ કરાશે : રોમિયોગીરી કે ઓવર સ્પીડીંગ કરનારાઓને ઝબ્બે કરવા ખાસ બંદોબસ્ત : પાર્ટી સ્થળે ખાનગી કપડાંમાં પોલીસ મોજુદ રહેશે

ગાંધીનગર, તા. ૩૦

શહેરમાં થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં કોઈ અણછાજતો બનાવ ના બને તે માટે તેમજ ઉજવણીના ઉન્માદમાં નશાખોરી, રોમિયોગીરી કે ઓવરસ્પીડ ડ્રાઈવ કરી ઉત્પાત મચાવતા તત્વોને ઝબ્બે કરવા પોલીસતંત્ર દ્વારા વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. શહેરના તમામ અગત્યના સ્થળોએ પોલીસ પાર્ટીના બંદોબસ્ત સાથે ખાનગી કપડાંમાં મહિલા પોલીસ, એલસીબી અને એસઓજીના પોલીસકર્મીઓ તૈનાત રહેશે. ટ્રાફિક પોલીસ દ્વારા બ્રેધ એનાલાઈઝર્સ વડે પીધેલાઓને ઝડપવા દરેક વાહનચાલકોની તપાસ કરવામાં આવશે તેમજ શહેરમાં થર્ટી ફર્સ્ટની પાર્ટીઓમાં કોઈ અણબનાવ કે ગેરકાયદેસર કૃત્ય આચરવામાં ના આવે તે માટે તમામ હોટેલ, રેસ્ટોરન્ટ, રિસોર્ટ તથા પાર્ટી પ્લોટની ડીજે ડાન્સ પાર્ટીઓ પર પોલીસ ચાંપતી નજર રાખશે.

થર્ડી ફર્સ્ટની ઉજવણીના નામે નશો કરી છાકટા થતાં તત્વો કે ઓવર સ્પીડ વાહનો હંકારી વિકૃત આનંદ માણતા તોફાનીઓ અથવા પાર્ટીના નામે રોમિયોગીરી કરી મહિલાઓની છેડતી કરનારાઓની આ વર્ષે ખેર નથી. ગાંધીનગર પોલીસ તંત્ર દ્વારા શહેરના ચપ્પા ચપ્પા પર બંદોબસ્ત ગોઠવી પીધેલાઓને ઝબ્બે કરી પ્રોહિબીશન એકટ અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવાની તૈયારીઓ કરી લેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના યુવાનો નવા વર્ષની ઉજવણી માટે ગોવા ઉપડ્યા

## શહેરના યુવાનો આકર્ષક સમુદ્રી કિનારાઓ પર નવા વર્ષે યોજાતી પાર્ટીઓમાં મનમુકીને મ્હાલે છે

ગાંધીનગર, તા. ૩૦

ઈશુના નવા વર્ષની ઉજવણી હવે આપણે ત્યાં પણ ખૂબજ ધામધૂમથી કરવામાં આવે છે. નવુ વર્ષ ધામધૂમથી ઉજવવાની પરંપરા હવે યુવાનોમાં ઝડપથી પ્રસરી રહી છે. સમુદ્ર કિનારાઓ, પાર્ટી, મ્યુઝિક અને ડાન્સ-ડાઈન માટે વખણાતા ગોવામાં નવા વર્ષની ઉજવણી કરવાનો ક્રેઝ યુવાનોમાં વધ્યો છે. આ વર્ષે ગાંધીનગરના ઘણા યુવાનો પોતપોતાના ગ્રુપ સાથે ગોવા જવા ઉપડી ગયા છે.

નવુ વર્ષ એટલે ઉમંગ, ઉલ્લાસ અને ઉત્સાહ... અંગ્રેજી નવા વર્ષની ઉજવણી હવે પશ્ચિમી દેશોની સાથોસાથ ભારતમાં પણ ખૂબ ધામધૂમથી થાય છે. યુવાનો ડીજે સંગીતના તાલે મનમુકીને ડાન્સ કરી નવા વર્ષને આવકારે છે. ઠેર ઠેર ડીજે પાર્ટીઓનું આયોજન કરવામાં આવે છે. ગાંધીનગર અને અમદાવાદમાં ડીજે પાર્ટી સાથે નવા વર્ષની ઉજવણી કરવાના આયોજન થયા છે. જો કે નવા વર્ષની ઉજવણીનો આનંદ ખરા અર્થમાં માણવો હોય તો ગોવા જેવુ સ્થળ ભારતમાં અન્ય કોઈ બીજુ નથી. આકર્ષક સમુદ્રી કિનારાઓ પર નવા વર્ષે યોજાતી પાર્ટીઓમાં યુવાનો મનમુકીને મ્હાલે છે.

ગુજરાતના યુવાનોને પણ હવે ગોવાનુ ઘેલુ લાગ્યુ છે. જેમાં ગાંધીનગરના યુવાનો પણ બાકાત નથી. આ વર્ષે ગાંધીનગરના ઘણા યુવાનો પોતપોતાના મિત્રવર્તુળ સાથે નવા વર્ષની ઉજવણી કરવા ગોવા પહોંચી રહ્યા છે. ગોવા તરફ જતી તમામ ફલાઈટ, ટ્રેનો અને બસો હાલમાં બુક છે. સામાન્ય દિવસોમાં ૫ થી ૬ હજારમાં મળતી ગોવાની ફલાઈટની ટીકીટ અત્યારે ૨૦ થી ૨૫ હજાર રૂ.માં મળી રહી છે. છેલ્લી ઘડીએ તો ટ્રેનની ટીકીટ પણ મળી રહી નથી. હોટેલના ભાડા વધી ગયા છે. યુવાનોના કેટલાક ગ્રુપ તો ગઈકાલથી જ ગોવા પહોંચી ગયા છે તો કેટલાક સોમવારે નીકળ્યા છે. જે યુવાનોએ મહિનાઓ અગાઉ નવા વર્ષની ઉજવણીનુ પ્લાનીંગ કરી લીધુ હોય તેમને ઓછી મુશ્કેલીઓ પડી રહી છે પરંતુ છેલ્લી ઘડીએ બુકીંગ કરાવનારાઓને વધુ પૈસા ખર્ચવા પડી રહ્યા છે.















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com